BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# મહાત્મા ગાંધીના કેળવણી વિષયક વિચારો

## પ્રો. યોગેન્દ્ર પારેખ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દી આપણો દેશ ઉજવી રહ્યો છે અત્યંત સક્રિય, સમર્પિત જીવનયાત્રાના દરેક મુકામે સમગ્ર માનવ જાતને ઉપયોગી એવી રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગાંધીજીએ લગભગ દરેક ક્ષેત્રમાં માર્ગદર્શક તરીકે પ્રદાન કર્યું છે. સ્વાતંત્ર પ્રાપ્તિની ચળવળની સમાનતરે અનેકવિધ રચનાત્મક કર્યો દ્વારા તેમણે ભવિષ્યનાં ભારતનું સ્વપ્ન જોયું. સ્વદેશી, ગૌસેવા, ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, કોમી એકતા દ્વારા દેશની અખંડિતતા તથા ટ્રસ્ટીશીપના સિદ્ધાંત દ્વારા આર્થિક અસમાનતાના આદર્શને સિદ્ધ કરવાની પ્રમાણિક, પ્રયોગશીલ મથામણ કરી. ૧૯૧૫ ની નવમી જાન્યુઆરી એ દક્ષિણ આફ્રિકાના સફળ સત્યાગ્રહી એવા છેતાલીસ વર્ષના ક્રાંતિકાર ગાંધીએ સ્વદેશમાં પગ મૂકયો ત્યારથી જાહેર સેવામાં જાત જોતરી દીધી. અમદાવાદ મુકામે આશ્રમની સ્થાપના બાદ ખેડા તથા ચંપારણ સત્યાગ્રહ પછી તુરંત મોટું કાર્ય જે હાથ ધર્યું તે હતું ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનાનું. ૧૯૨૦ માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. ' ગુજરાત વિદ્યાપીઠ મંડળનું બંધારણ ૧૯૨૮માં ગાંધીજીએ ઘડ્યું. જેમાં એક મહત્વની કલમ આ મુજબ હતી : ' વિદ્યાપીઠનું કામ 'સ્વરાજ પ્રાપ્તિને સારું ચાલતી પ્રવૃત્તિઓને અર્થે ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્ય નિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.' વિદ્યાપીઠ સ્થાપના પાછળનો ગાંધીજીનો ઉદ્દેશ્ય સ્પષ્ટ હતો. વ્યક્તિ ઘડતર દ્વારા રાષ્ટ્રનિર્માણની સહજ નિષ્પન્ન થતી ઈચ્છા તેમાં જોઈ શકાય છે.

ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૮/૧૦/૧૯૨૦ ના રોજ અમદાવાદ મુકામે થઈ. સ્થાપનાકાળથી ૧૯૪૮ માં નિર્વાણ થયું ત્યાં સુધી ગાંધીજી આજીવન કુલપતિ રહ્યા. વખતો વખત પદવીદાન સમારંભમાં આપેલા દીક્ષાન્ત પ્રવચનોમાં અને સતત બીજા ઉપક્રમોમાં વિદ્યાપીઠ નિમિત્તે તેમણે વ્યક્ત કરેલા વિચારો આપણા શિક્ષણ જગત માટે સર્વથા માર્ગદર્શક છે.

શિક્ષક તરીકેની કામગીરીની શરૂઆત ગાંધીજીએ યુવાન વયે ફિનિક્સ આશ્રમથી જ શરૂ કરી દીધી હતી. આશ્રમવાસીઓના બાળકોને માટે પ્રાથમિક શાળા શરૂ કરી. આ શાળા ગાંધીજી માટે કેળવણી વિષયક પ્રયોગભૂમિ હતી. બાળકોને પુસ્તકોના ભાર નીચે લાદી દેવાથી તેમની સ્વતંત્ર ચેતના અવરોધાય છે એમ સમજતા ગાંધીજી પોતે વર્ગમાં પુસ્તક લીધા વગર જતા. સમૂહપ્રાર્થના, ખેતીકામ, સફાઈ, મોચીકામ, સુથારીકામ તથા રસોડાના કામમાં પણ વિદ્યાર્થીઓને સાંકળીને તેમનો સર્વાંગી વિકાસ થાય એવી પ્રવૃત્તિ તેમણે વિકસાવી જે ભવિષ્યમાં બુનિયાદી તાલીમ તરીકે સ્વીકૃત થવાની હતી. સાબરમતી આશ્રમમાં ઈતિહાસ, ભૂગોળ, ગણિત અને અર્થશાસ્ત્ર માતૃભાષામાં શિખવવામાં આવતા. સંસ્કૃત, હિન્દી અને એક દ્રવિડ ભાષા શીખવાનું ફરજીયાત હતું. અંગ્રેજી ભાષાનું સ્થાન બીજી ભાષા તરીકે હતું. પોતાના વિદ્યાર્થીકાળને યાદ કરીને ગાંધીજીએ આત્મકથામાં ખાસ નોંધ્યું છે કે : ' કોઈ પણ હિંદુ બાળકે સંસ્કૃતના સરસ અભ્યાસ વિના ન રહેવું જોઈએ.'

૧૯૦૮ , લંડનથી દક્ષિણ આફ્રિકા પાછા ફરતા આગબોટમાં મુસાફરી કરતી વખતે ગાંધીજીએ ' હિંદ સ્વરાજ લખ્યું હતું. આ નાનકડા પુસ્તકમાં તેમણે પોતાના બે દાયકાના જીવન અનુભવ, નિરીક્ષણનો નિચોડ આપ્યો. 'હિંદ સ્વરાજ' લખાયું ત્યારે તેમની ઉંમર માત્ર ઓગણચાલીસ વર્ષની હતી. ' હિંદ સ્વરાજ' માં ગાંધીજી નીતિશિક્ષણની હિમાયત કરે છે. કેળવણી નો અર્થ માત્ર અક્ષરજ્ઞાન સુધી સીમિત રહી જાય તો તે અધૂરો અર્થ થાય છે. ' કરોડો માણસોને અંગ્રેજી કેળવણી દેવી તે તેઓને ગુલામીમાં નાખવા બરોબર છે. મેકોલેએ જે કેળવણીનો પાયો રચ્યો તે ખરું જોતા ગુલામીનો પાયો હતો. તેણે તેવું સમજીને પોતાનો લેખ ઘડ્યો એમ હું નથી સમજાવતો. પણ તેના કાર્યનું એ જ પરિણામ આવ્યું છે. આપણે સ્વરાજની વાત પરભાષામાં કરીએ છીએ કે કેવી કંગાલિયત ! જે કેળવણી અંગ્રેજીનો ઉતાર છે તે જ આપણો શણગાર બને છે.

ગાંધીજી શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાની હિમાયત કરે છે. તેઓ જણાવે છે કે : માતૃભાષા પર મારો ગાઢ પ્રેમ હોવા છતાં ભૂમિતિ , બીજ ગણિત વગેરેના ગુજરાતી પર્યાય શબ્દો આજ સુધી હું જાણતો નથી. હું હવે જાણું છુ કે મને અંકગણિત, ભૂમિત, બીજગણિત, રસાયણશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રના જેટલા ભાગ શીખતા ચાર વરસ લાગ્યા તેટલા, જો એ વિષયો અંગ્રેજી મારફત નહિ પણ ગવખત જરાતી મારફત શીખવાના હોત તો હું સહેલાઇથી એક વરસમાં શીખી શકત. એ વિષયો હું વધારે સહેલાઇથીને વધારે સ્પષ્ટપાને ગ્રહણ કરી શકત"

ગાંધીજીએ 'પાયાની કેળવણી' અને 'ઉચ્ચ કેળવણી' વિષયક વિચારો વખતો  વ્યક્ત કર્યા છે. શિક્ષણમાં શ્રમ અને ઉધોગનું મહત્વ સમજીને તેમણે પોતાના માર્ગદર્શનમાં ચાલતી સંસ્થામાં દાખલ કર્યા. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય, સ્વાવલંબન કેળવાય, નૈતિક માનવીય મુલ્યોનું સંવર્ધન થાય, શિક્ષણ સંસ્થા અને વિદ્યાર્થી સાચા અર્થમાં સ્વનિર્ભર બને તેવી સુક્ષ્મ વિચારણા ગાંધીજીના શિક્ષણ દર્શનમાં જોવા મળે છે. પાયાની કેળવણીમાં શરીર શ્રમ નું મહત્વ વ્યક્ત કર્તા ગાંધીજી કહે છે; "શરીર શ્રમની તાલીમ દાખલ કરવાથી આપણા જેવા ગરીબ દેશમાં બેવડો હેતુ સરશે. તેમાંથી આપણા બાળકોની કેળવણીનો ખર્ચ નીકળશે. અને તેમને એક એવો ઉધોગ શીખવવામાં આવશે જેથી તેઓ શિક્ષણ પૂરું કર્યા પછી પોતાના ગુજરાન માટે ઈચ્છે to તેનો આશરે લઇ શકશે. આવી પદ્ધતિ અપના બાળકોને જરૂર સ્વાશ્રયી બનાવશે. આપણે મજૂરી પ્રત્યે તિરસ્કાર કેળવીએ તેના જેટલું દેશને નીતિભ્રષ્ટ કરનારું બીજું કશું નહિ હોય."

આપણા દેશમાં ઉચ્ચશિક્ષિત બેરોજગારોનું પ્રમાણ વધતું જાય છે. બહુ નોતી પદવીઓ મેળવ્યા પછી પણ ગુજરાન ચલાવવા જેટલી રોજગારી મેળવવાની ક્ષમતા ઉમેદવારમાં હોતી નથી. કરોડો માણસોને સરકારી નોકરી મળી જવી જોઈએ એવી અપેક્ષા જ વધુ પડતી છે. આઝાદી બાદ આપણી શિક્ષણનીતિમાં શ્રમનું મહત્વ ઘટયું તેથી રોજગારલક્ષી તાલીમનું પ્રમાણ પણ ઘટયું. વ્હાઈટ કોલર જોબનાં આકર્ષણના કારણે શ્રમલુક રોજગારીની અપાર શક્યતાઓથી આપણે વંચિત રહી રહી ગયા. ઊંચી પદવી અને આરામદાયક નોકરીની પરતંત્રતાઆપણને વ્હાલી લાગવાના કારણે દેશના ઘડવૈયાઓએ કેળવણી દ્વારા રાષ્ટનિર્માણના આદર્શો સેવેલા તેના તરફ આપણે ભયંકર દુર્લક્ષ સેવ્યું. બિન ઉત્પાદક પ્રવૃત્તિઓમાં પરિણામશૂન્ય વ્યસ્તતાના લીધે દેશનું યુવાધન , બુદ્ધિધન વ્યાપકમાત્રામાં વેડફાતું જાય છે. પરંપરાગત પદવીઓમાં જ શિક્ષિત – દીક્ષિત થવાની પદ્ધતિમાં અટવાયેલી પ્રજા પદવી પછી નોકરીના લક્ષને જ તાકી રહે છે. પરિણામે પોતે ધારેલી નોકરી યેનકેન પ્રકારે ન મળે ત્યાં સુધી પોતે અન્ય કામ માટે બેકાર છે કે નકામા છે કે નિવૃત્ત છે એવું સિદ્ધ કરવામાં સમય વ્યતિત કરે છે. કરોડો નાગરિકોને સુવિધાપૂર્ણ સુરક્ષિત નોકરી આપવાનું વિશ્વની કોઈ વ્યવસ્થામાં શકય નથી. આપણા દેશમાં વધુ વસ્તીની સમસ્યા મોટી છે. રોજગારીની તકો કરતાં બેરોજગારીનું પ્રમાણ વધુ છે. આ વિકટ સમસ્યાનું સમાધાન શ્રમમૂલક કેળવણીમાં છે. ' કોઈ કામ નાનું કે હલકું નથી.' એમ ગાંધીજી નો સંદર્ભ આપીને આપણે બોલીએ છીએ પણ નાનું કામ કરવામાં નાનપ અનુભવીએ છીએ. શ્રમનું ગૌરવ તો ઠીક, મહત્વ પણ સમજીએ એટલા વિવેકની આપણને આવશ્યકતા  છે.

સુખ સગવડદાયક નોકરીથી ઉચ્ચ પાડો પર પહોંચી ગયેલો વર્ગ પોતાના હાથ નીચે કામ કરતાં શ્રમિકવર્ગ પ્રત્યે માનવીય અભિગમ દર્શાવે છે તો તે કેળવાયેલો માણસ ગણાય. ગાંધીજીએ એક પત્રકારના

પ્રશ્નના જવાબમાં કહેલું કે, ' ઉચ્ચ શિક્ષિતોની હૃદયહીનતા મારા દુઃખનું કારણ છે. ' આપણે શાળામાં હોંશપૂર્વક ભણી ગયા કે ; ' તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો' પણ ભણેલું ભૂલી જવાની આપણી કૂટેવ છૂટી નહીં. સર્વવ્યાપી અરાજકતામાં આપણી સંવેદનહીન જીવનશૈલી છે. જ્ઞાનને બદલે બુદ્ધિનું પ્રદર્શન, સંમતિના બદલે સંપત્તિનું પ્રદર્શન મોટા ભાગના બહુ ભણેલા જીવનશૈલીને અજાણતા હિંસક બનાવે છે.

શિક્ષણ અહંકાર નિર્મૂલન શીખવે છે ? ના ! ગાંધીજીને પરંપરાગત તાલીમની અધુરાશનો ખ્યાલ હતો. નઈ તાલીમમાં તેમણે હૃદયની કેળવણીને પણ મહત્વ આપ્યું. ગાંધીજીના આશ્રમમાં જાજરૂ જાતે સાફ કરવાનું પણ તાલીમના એક ભાગરૂપે હતું. મળની સફાઈ કરતી વખતે માનવીનું મન પણ નિર્મળ થાય છે એ ગાંધીજી જાણતા હતા. બાહ્ય મલિનતા દૂર કરવાની સાથે અંતઃ કરણ ની નિર્મળતા સિદ્ધ કરવાનો પ્રયોગ પણ પૂર્ણતઃ શૈક્ષણિક અને આધ્યાત્મિક છે.

શરીરશ્રમ અને હૃદયની કેળવણી વિશે મહાત્મા ગાંધી સદાય જાગૃત રહ્યા છે. આર્થિક અસામનતાના કારણે ઉચ્ચવર્ગ અને અત્યંત પછાત-ગરીબ, શોષિત વર્ગ વચ્ચે રહેલી વિશાળ ખાઈ બહુ મોટી અરાજકતા ફેલાઈ શકે તેવી ભીતિ આપણું વર્તમાન વિશ્વ સેવી રહ્યું છે. આ બાબતમાં ગાંધીજીની શિક્ષણનીતિને દેશવાટો આપવાનું કામ આપણે કર્યું, પરિણામે ભોગવીએ છીએ. ખુબ ભણી લીધા પછી પણ આપણા લોભને થોભ નથી. પદ, પ્રતિષ્ટાઓ અને સંપતિસર્જન પાછળની દોટ કોઈપણ ક્ષેત્રની સમરસતા કે સંવાદિતતાના માર્ગમાં મોટો અવરોધ છે. મુઠ્ઠીભર માણસો સંસાધનો પર હક જમાવીને અત્યંત વૈભવી જીવન માણી રહ્યા હોય અને કરોડો માણસો બે ટંકનો પેટનો ખાડો પુરવા માટે પણ વંચિત રહી જાય તો એવા સમાજમાં સંપૂર્ણ શાંતિ કે સમરસતાની આપણી અપેક્ષા ફળવાની નથી.

આપણે સતા દ્વારા, શિક્ષણ દ્વારા મેળવેલી વૈભવી જીવનશૈલીના કારણે સ્વકેન્દ્રી બનીને ખુદમાં જ રચ્યાપચ્યા રહીએ તો આપણું અસ્તિત્વ વ્યાપક હિંસા માટેની કોઈપણ શક્યતામાં સુક્ષ્મ રીતે પણ બને છે. આપણી પાયાની કેળવણીમાં સદભાવ, શ્રમનું ગૌરવ અને સમાનતાનું પ્રભાવોત્પાદક શિક્ષણ મળતું થાય તો આપણે પ્રતિભાસંપન્ન નાગરિકોનું નિર્માણકરી શકીશું.

ભવ્ય રાષ્ટ્ર નિર્માણ માટે હૃદયની કેળવણી, માનવીય મુલ્યોનું શિક્ષણ આવશ્યક છે. જે ગાંધીજીએ તેમના શિક્ષણ વિષયક પ્રયોગોમાં સંસ્થાઓમાં, પ્રવચનોમાં વાંરવાર દર્શાવ્યું છે.

<u>સંદર્ભ</u>

1. કેળવણી વડે ક્રાંતિ-2, સં: વિથ્થલદાસ મગનલાલ કોઠારી. પ્ર.આ. ૧૯૭૩ પૃ-2

2. સત્યના પ્રયોગો: મો.ક.ગાંધી.પ્રકાશન-૨૦૧૨, પૃ-15
3. હિંદ સ્વરાજ-મો.ક.ગાંધી.પ્રકાશન-૨૦૦૯, પૃ-65
4. કેળવણીનો કોયડો: ગાંધીજી, ત્રી.આ.-૨૦૧૧, પૃ-૬૮
5. મારા સ્વપ્નનું ભારત: ગાંધીજી, અગિયારમી આવૃત્તિ-૨૦૧૩, પૃ-૧૮૭

**પ્રો. યોગેન્દ્ર પારેખ**

**પ્રોફેસર, ગુજરાતી વિભાગ,**

**ડૉ.બી.એ.ઓ.યુ. અમદાવાદ.**